


## સલામી સવારની..

ગામે ગામ મંદિર જેમ દારુ-બારખાનાં છે,
ઘેર ઘેર ગૃહઉદ્યોગ જેમ કારનાખાં છે,
દારૂબંધી રાજમાં મળે છૂટ દેશી-વિદેશી -
પોલીસતંત્રને કાયદા માત્ર ભારખાનાં છે

હાઈકુ

હિંદુ યુવાનો,
નાતાલ માણે 'પી' ને -
ભાંગની જેમ!

છેલ્લો દિવસ,
તો છે વર્ષનું ખાતું -
તપાસવાનો...

## ચિંતન

**સંતોષ સ્ત્રિષુ કર્તવ્યઃ સ્વ દારે, ભોજન ધને । ત્રિષુ ચૈવ ન કર્તવ્યો-અધ્યયને તપદાનયો ॥**

'પોતાની ધર્મપત્ની, ભોજન અને ધનસંપત્તિ માટે મનુષ્યએ સંતોષ રાખવો જોઈએ. પરંતુ વિદ્યા-અભ્યાસ, તપ અને દાનપુણ્ય કરવામાં કદી પણ સંતોષ ન કરવો જોઈએ અર્થાત્ એ ત્રણ બાબતો દિન-પ્રતિદિન વધારતા જવું જોઈએ.'

'ચાણક્યનીતિ'નું આ વ્યવહારિક સૂત્ર છે. જીવન સદ્- ચારિત્ર્યવાળું હોવું જોઈએ. દૂરાચારી-વ્યસની-વાસના રહિત હોવું જોઈએ. ધર્મ-પત્નીમાં જ સંતોષ રાખવો.

ભોજનમાં મર્યાદા રાખવી 'અકરાંતિયા' થઈ ન ખાવું. સ્વાદિષ્ય હોય, પર ઘેર હોય, મફત હોય પણ 'પેટ' તો પોતાનું હોય ને! સંતોષ રાખવો.

ધન-સંપત્તિમાં બહુ મોહ-લોભ ન રાખવો. જે જેટલું હોય તેમાં સંતોષ રાખવો.

વિદ્યા-અભ્યાસ-તપ અને દાનપુણ્ય કરવા કદી પણ તૃપ્ત ન થવું. અવિરત-જયાં સુધી શક્તિ હોય ત્યાં સુધી દાન-પુણ્ય-તપ અને વિદ્યા-પ્રાપ્તિમાં પ્રથમ રહેવું.

## સુવિચાર

- બહાના અને સફળતા એક સાથે ચાલતાં નથી, જો તમે સફળ થવા ઈચ્છતા હોય તો બહના છોડી દો અને જો બહાના બનાવવા હોય તો સફળતાને ભૂલી જાવ - **આચાર્ય ભાનુચંદ્રવિજયજી**
- વંટોળીયા અને વાદળોથી કદી મેઘધનુષ્ય નથી સર્જાતા - **સંત ઓગસ્ટીન**
- પરમાત્માની આજ્ઞા સંયમરુપ તલવારથી મોહરુપ દુશ્મનને હણવાની શક્તિ આપે છે - **મહાવીર સ્વામી**
- આળસ કમજોર મગજના લોકોનો આશ્રય છે અને મૂર્ખાઓનો ઉત્સવ - **ગેટે**
- નફરત અને ધૃણા મૃત વસ્તુઓ છે... તેને અપનાવીને તમે સ્મશાન બનવા તૈયાર છો? - **વિલીયમ કૂપર**
- સાચી કલા ઈશ્વરનું ભક્તિપૂર્ણ અનુસરણ છે - **વિલીયમ વર્ડસવર્થ**
- આજનું ઔષધ : જમરૂખ ખાવાથી ભાંગનો નશો ઉતરે છે

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ રાજકારણ અને ચૂંટણીઓથી સજ્જન અને સરળ, સત્યનિષ્ઠાવાળા દૂર જ રહે છે. પરિણામે ગુન્હેગાર-ગુંડા લોકોને તક અને ટિકીટો મળે છે; 'મસલ્સ' અને 'મની પાવર' જ મુખ્યત્વે સફળતાનું કારણ બને છે. (બાકી સદ્ગુણ - જ્ઞાન અને દેશનિષ્ઠા તો માર જ ખાય છે હાર થાય છે) આવા કૌભાંડીઓ ને બોલતાં પણ નથી આવડતું અને 'વિદૂષક' બની લોકોની મશ્કરીનું પાત્ર બને છે. કોઈ ગેરહાજર હોય - કોઈ ઝોકાં ખાતાં હોય છે.

જાણીતા-માનીતા અભિનેતા-નિર્દેષક એવા રાજકપૂરે ગુંડા-કાળા બજારીયા અને રાજકારણીઓને ખૂલતા પાડતી ફિલ્મો પણ બનાવી છે. સમાજ પ્રત્યેની તેમની સમજ અને લાગણી ઊંડી હતી.

એકવાર એક સંસદસભ્ય કોઈ પાર્ટીમાં તેમને ભટકાઈ ગયા. પ્રસંગોચિત થોડી આડીઅવળી વાતચીત થઈ, પોતાનું મહત્ત્વ બતાવા નેતાશ્રી બોલ્યા, 'રાજ, સાહેબ તમે ચૂંટણીમાં ઊભા રહો તો સરળતાથી જીતી શકો - તમે ચૂંટણી કેમ નથી લડતા!'

રાજ સાહેબે 'નિઃસંકોચ જવાબ દીધો. સંસદમાં જઈ લોકોના 'હાંસી પાત્ર' બનવા કરતાં પરદા પર 'જોકર' બની લોકોને હસાવવાનું હું વધારે પસંદ કરું છું.'

## વાહ, રઘુવીર ભાઈ વાહ...

ભારતીય સાહિત્ય જગતનો સર્વોચ્ચ શિરપાવ ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીને મળતા આખુ ગુજરાત ગૌરવ અને ગર્વની લાગણી અનુભવે છે. ગુજરાતી સાહિત્યમાં કવિતા, નવલકથા અને વિવેચન ક્ષેત્રમાં જેમનું નોંધપાત્ર પ્રદાન છે એવા સર્જક શ્રી રઘુવીર ચૌધરીને વર્ષ-૨૦૧૫ના અંતિમ દિવસોમાં જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો એનો આનંદ ગુજરાતી ભાષાના સૌ ભાવકો અને સર્જકોમાં છલકાય છે. ગુજરાતના સર્વોચ્ચ સર્જકો ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ અને રાજેન્દ્ર શાહ બાદ જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર ચોખા સર્જક રઘુવીર ચૌધરી બન્યા છે. એનો પણ ઉમળકો ગુજરાત અનુભવે છે.

## તંત્રીસ્થાનેથી....

ગ્રામીણ માહોલમાં ઉછરેલા રઘુવીર ચૌધરીએ નગર-મહાનગરની સંસ્કૃતિને પૂર્ણ ન્યાય આપ્યો છે. ગાંધીનગર જિલ્લાના બાપુપુરાના વતની જેવી રીતે આજીવન સર્જક છે. એવી રીતે આજીવન ખેડૂત છે. 'ફુટપાથ પરનો થાક ખેતરે જઈ ઉતારું છું.' એવી વાત કરીને રઘુવીર ચૌધરીએ ખેતરને અને ખેડૂતને પ્રેમકર્યો છે. ખૂબ જ સરળ વ્યક્તિત્વ, નિખાલસ સ્વભાવ અને સ્પષ્ટ વિચારધારા રઘુવીર ચૌધરીના વ્યક્તિત્વના મહત્ત્વના પાસા છે. સતત વાંચવું અને સતત લખવું એ જ જીવન છે. એવી માન્યતા સાથે જીવતા રઘુવીર ચૌધરીએ ગુજરાતી ભાષાને અને ગુજરાતને નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ભારતીય સાહિત્ય જગતમાં પણ ગુજરાતનો ડંકો વગાડનાર રઘુવીર ચૌધરીએ બિનવિવાદાસ્પદ અને સર્વસ્વીકૃત સાહિત્યકાર તરીકેની નામના મેળવી છે.

ગુજરાતી ભાષામાં ૧૯૬૫માં પ્રસિદ્ધ થયેલી અમૃતા સાહિત્ય જગતની અપૂર્ણ ઘટના લેખાઈ હતી. ઉપરવાસ નવલકથા માટે પણ સાહિત્ય અકાદમીનો એવોર્ડ ગુજરાતી ભાષા માટે ગૌરવશાળી બન્યો છે. સામાજિક વિકાસ માટે સાહિત્યનું પ્રદાન પાયાનું હોવું જોઈએ. એવી દૃઢ માન્યતા સાથે રઘુવીર ચૌધરીએ સમાજના તમામ ક્ષેત્રોમાં પોતાના મૌલિક વિચારોને વાવ્યા છે. ડિસેમ્બરમાં સીત્યોત્તેર વર્ષ પૂર્ણ કરી ઈઠ્ઠોતેર વર્ષમાં પ્રવેશેલા રઘુવીર ચૌધરીએ આડત્રીસ વર્ષ અધ્યાપનકાર્ય કર્યું છે. તેના સેંકડો વિદ્યાર્થીઓના હૃદયમાં રઘુવીર ચૌધરીનું સ્થાન અનોખું છે. અમૃતા, ઉપરવાસ, ગોકુલ, મથુરા-દ્વારકા, સોમતીર્થ અને લાગણી જેવી જાણીતી કૃતિઓ ઉપરાંત વિવેચન અને સંપાદન ગ્રંથો પણ થોકબંધ ગુજરાતી ભાષાને આપ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદના મોભી અને સાહિત્યકાર પ્રવૃત્તિઓના આધારસ્તંભ સમા રઘુવીર ચૌધરીને જ્ઞાનપીઠ એવોર્ડ મળતા સાહિત્ય જગતમાં પ્રવૃત્ત વ્યક્તિઓ અને સંસ્થાઓ માટે મંગળવારનો દિવસ મંગળ બની ગયો. ગાંધીનગર જિલ્લાની ધરતીનો ધરતીપુત્ર ભાષા ક્ષેત્રે સર્વોચ્ચ શિરપાવ મેળવી દેશમાં ગુજરાતનો ગૌરવધ્વજ લહેરાવે છે ત્યારે ગાંધીનગર જિલ્લો ગૌરવ અનુભવે છે.

વાહ, રઘુવીર ભાઈ વાહ...

## શિયાળાના સામાન્ય રોગો (ભાગ – ૨)




ગતાંકે આપણે જોયું કે શિયાળામાં શરદી - ઉધરસ દમ આદિ રોગો વધુ વકરે છે. કયારેક ન્યુમોનીયા જેવા ભયંકર રોગમાં પણ પરિણમે. આ બધા રોગોના ઘરગથ્થુ ઉપચાર તેમજ તેના સામાન્ય ઉપચાર પર દષ્ટિપાત કરેલો.

આ વખતે શિયાળામાં જોવા મળતા બીજા અમુક સામાન્ય રોગો તરફ નજર કરીએ. શરદી-ઉધરસ આદિ ઉપરાંત શિયાળામાં ચામડીના રોગો તેમજ સાંધાના દુઃખાવા અને વા જેવા રોગો વધુ વકરે છે. શિયાળામાં ચામડી શુષ્ક થઈ જાય છે. વળી બહેનોને ઠંડા પાણીમાં અને ઠંડીમાં કામ કરવાનું હોય તેથી ચામડી વધુ સંકોચાય અને પરિણામે વાઢીયા પડે. પગના તળીયાની ચામડી જાડી હોવાથી ત્યાં વાઢીયા વધુ ઝડપથી થાય કારણ કે જાડી ચામડી જલ્દીથી શુષ્ક થઈ ફાટે. તેની સ્થિતિ-સ્થાપકતા ઓછી હોય છે. આ વાઢીયા તરફ ધ્યાન ન આપવામાં આવે તો તે વધુને વધુ ઊંડા થતા જાય. ઘણી વેદના થાય અને લોહી પણ નીકળે. વળી. આ વાઢીયામાં રજકણો, કચરાના પાર્ટીકલ્સ, પાણી આદિ ભરાઈ રહેવાથી ખંજવાળ આવે, બળતરા થાય કયારેક પાક પણ થાય હાથમાં પણ વાઢીયા પડે.

આ વાઢીયા મટાડવા માટે શરીરની રૂક્ષતા (ડ્રાયનેસ) ઓછી કરવી પડે. આ માટે ઘી-દૂધ પીવા બદામ ખાવી. તથા વાઢીયાને કોરા ન રાખવા, જાત્યાદિ તૈલ, જીવત્યાદી મલમ, શંખજીરુવાળો મલમ આદિ લગાવવું. હાલ તો વાઢીયા, મટાડવા માટે માર્કેટમાં - ઢગલાબંધ પ્રોડકટ્સ મળે છે. આ બધી પ્રોડકટ્સનો હેતુ વાઢીયાને સ્નિગ્ધ રાખી તેની ડ્રાયનેસ ઘટાડવાનો હોય છે. હાથપગમાં મોજા પહેરવા. વારંવાર ગરમ પાણીથી હાથપગ સાફ કરવા. લૂછીને મલમ આદિ લગાવવું. આમ કરવાથી જલ્દીથી રાહત થાય છે.



આવી જ રીતે હોઠ પણ ફાટતાં હોય છે. તેમાં પણ આ પ્રકારના જ ઉપચાર કરવા. આ ઉપરાંત શિયાળામાં સોરાયસીસ જેવા ચામડીના ગંભીર રોગો પણ વધુ વકરે છે. સોરાયસીસ વિષે અગાઉ આ કટારમાં આપણે ઘણું ખરું સમજ્યા છીએ. સોરાયસીસ ન વકરે તે માટે ખાસ કાળજી રાખવી. શરીર કોરું ન રાખવું. કણજીનું તેલ, લીંબોળીનું સોરાયસીસની દરેક દવાઓ નિયમિત રુપે લેવી.

શિયાળામાં આવી જ રીતે વકતરો વધુ એક વ્યાધિ એટલે વા અને સાંધાના દુઃખાવા. જેમ-જેમ ઠંડી વધે તેમ તેમ સાંધાના દુખાવા વધે. આવા દુઃખાવા વધુ ન વકરે તે માટે ખટાશ સંપૂર્ણ બંધ કરવી, ઠંડો આહાર સંપૂર્ણ બંધ કરવો. હલકો-સુપાચ્ય ગરમાગરમ ખોરાક લેવો. આમવાત (રુમેટોઈડ આર્થરાઈટીસી) સિવાયના બીજા દુઃખાવાઓમાં તેલનું હળવું માલીશ કરી શકાય. તેના પર શેક કરી શકાય. દુખાવા દુર કરનારા અનેક આયુર્વેદિક તેલ માર્કેટમાં મળે છે. જેમ કે મહાનારાયણ તેલ - પંચતુણતેલ, ક્ષીરબલા તેલ આદિ, આમ વાતના રોગીઓએ રેતીનો શેક કરવો. આ ઉપરાંત સાઈટીકા કે ફ્રોઝન સોલ્ડર જેવું થયું હોય તો નગોડના પાનનો શેંક પણ રાહત આપે. દુઃખાવામાં રાહત મેળવા રાષ્નાદિ ક્વાથ - દશમૂળ કવાથ - અજમદાદીચૂર્ણ, વિષતિકુંડ વટી, યોગરાજ ગુગળ, સિંહનાદ ગુગળ, નિર્ગુન્ડી વટી આદિમાંથી જે આપની પ્રકૃતિને અનુકૂળ હોય તે નિયમ માત્રામાં લઈ શકાય. સૂર્યપ્રકાશનું સેવન, હળવો વ્યાયામ તેમજ પ્રાણાયાણ પણ મૂળ ઉપયોગી સાબિત થઈ શકે.

શિયાળો તંદુરસ્તીની ઋતુ છે. નિયમિત આહાર-વિહાર-ઔષધ સેવનથી તેને વધુ આનંદદાયક બનાવીએ. ફરી મળીએ ૨૦૧૬માં...

## સાહિત્યકારોનો મેળો




ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૮મું અધિવેશન તા. ૨૫, ૨૬, ૨૭મી ડિસેમ્બરના રોજ ભૂજ ખાતે રંગેચંગે સંપન્ન થઈ ગયું. 'મળ્યું' શબ્દ મને બંધબેસતો લાગ્યો નહીં અને 'ઉજવાયું' શબ્દ પાછો કોઈને ટીકારુપ લાગે એટલે એ બંને શબ્દોની અવેજીમાં 'સંપન્ન' શબ્દ વાપરવો પડ્યો છે. અમારા જેવા હરખપદુડા (ગામમાં કોઈ ઓળખે નહીં અને હું વરની ફોઈ) વાંઢાઓ જાનમાં જવા જેટલા અધીરા હોય છે તેટલી અધીરાઈથી આવા સંમેલનોની રાહ જોતા રહીએ છીએ. આખરે એ દિવસ આવી ગયો અને પેલા જાનૈયાઓની જેમ સજીધજીને ત્રણ દિવસ મહાલી આવ્યા. હૃદય તૃપ્ત થઈજાય એવા રસભરપૂર પ્રવચનો સાંભળ્યા. કપાળની નસો તંગ કરી દે એવા સક્ષમ વક્તાઓ એકેય નહોતા એવું અસત્ય તો કેવી રીતે ઉચ્ચારી શકાય? તેમ છતાં સાંભળવાની મજા પડી જાય એવા વક્તાઓની સંખ્યા અકંદરે સારી સંખ્યામાં હતી.દરેક બેઠકમાં કોઈને કોઈ જણ એવો તો આવ્યો જ કે જેણે આખા હોલમાં 'વાહ, વાહ' 'વાહ ભાઈ વાહ' ના ઉચ્ચારો અને તાલીઓના ગડગડાટથી વાતાવરણને છલકાવી દીધું હોય. પહેલી બેઠકમાં, ચરિત્રાત્મક સાહિત્યનીની ચર્ચા કરવામાં આવી. તેમાં યોગેશ જોષીએ વૈજ્ઞાનિકોના જીવનચરિત્રો બાબતે સાવ નવી અને નોખી વાર્તા રજૂ કરી. સંધ્યા ભટ્ટે કલાકારોના જીવચરિત્ર બાબતે પોતાના વિચારો આગળ ધર્યા.

પણ ખરો રંગ રાખ્યો મુનિકુમાર પંડ્યાએ. તેમણે શ્રોતાઓને ઘેલા ઘેલા કરી નાખ્યા. બીજી બેઠક વિવેચન સંશોધનની હતી. સામાન્યપણે આવી બેઠકમાં સભ્યો, આસપાસના નજીકના સ્થળોના દર્શન - મુલાકાત પતાવી દે છે. આવું સમજીન જે લોકોએ આ બેઠકનો ત્યાગ કર્યો હશે એમણે એક અમૂલ્ય અવસર ગુમાવ્યો. કારણ કે દલપત પઢિયારે સંત સાહિત્યના સંશોધન બાબતે એવી તો રસપ્રચુર વાતો કરી વચવચમાં એમનાં સુંદર કંઠે ભજનો પણ ગાયાં કે સાંભળનારા ધન્ય ધન્ય થઈ ગયા. મોટે ભાગે કોઈ પણ વક્તા ચાલીસ-પિસ્તાલીસ મિનિટથી વધારે સમય એમનો વકતૃત્વ પ્રવાહ વહેવડાવે છે ત્યારે શ્રોતાઓ આઘાપાછા થવા માંડે છે. પરંતુ દલપતભાઈએ એમની વાણીથી બધાને એવા મંત્રમુગ્ધ કર્યા કે એ બેઠકમાં ગેરહાજર વક્તા દીપકભાઈ રાવલના સમયનો પણ ઉપયોગ થઈ ગયો હોવા છતાં સાંભળનારા સહેજે થાક્યા ન હતા. ગમે તેવા જટિલ વિષયને કેવી રીતે રસપ્રદ બનાવી શકાય એ તો દલપતભાઈ પાસેથી જ શીખવું પડે. ત્રીજી બેઠક રાત્રે કચ્છના પરિવેશની કૃતિઓના વાચિકમની હતી. તેમાં પહેલાં વિનેશ અંતાણીએ નિબંધોમાં માસ્ટર પીસ (એટલે કે શિરમોર) કહી શકાય એવું સુંદર પ્રવચન કર્યું. એ પછી અદિતી દેસાઈ અને તેમનાં કલાકારોએ સભામંડપમાં દરિયાની ચહલપહચ અને ખારવાની જિંદાદીલી એવી જોશભેર રજૂ કરી કે સમગ્ર વાતાવરણ ગાજી ઉઠ્યું. તા. ૨૭.૧૨.૨૦૧૫ના રોજ સવારે પહેલી બેઠકમાં ગુજરાતી ભાષાનું સંવર્ધન અને શિક્ષણ બાબતે વિચારશીલ રજૂઆત કરવામાં આવી. તેમાં મનસુખભાઈ સલ્લાએ ગુજરાતી ભાષાની દુર્દશાના કારણોની ઝીણવટપૂર્વક રજૂઆત કરી. પરંતુ આ બેઠકમાં પૂરેપૂરા છવાઈ ગયા ભદાર્યુ વચ્છરાજાની. તેમણે પૂરા અગિયાર મુદ્દાઓ એવી કટાક્ષસભર શૈલીમાં રજૂ કર્યા કે સ્પેરોની માથાકૂટ સામે ચકલીની ઉડાઉડ બધાનાં ચિત્તમાં રોપાઈ ગયા. જયારે જયારે શિક્ષણનીતિમાં ભાષાની સામેલગીરી ચર્ચાય ત્યારે વચ્છરાજાની અગિયારે અગિયાર મુદ્દાઓનો સંતોષકારક હલ થવો જોઈએ. છેલ્લી બેઠક પ્રદેશવિશેષ સાહિત્ય : કચ્છની હતી. તેમાં ધીરેન્દ્ર મહેતા, દર્શના ધોળકીયા, કાંતિ માલસતર અને વિશન વાગડાએ ખૂબ સરસ પ્રવચનો આપ્યા. કીર્તિ ખત્રી હાજર રહી ના શક્યા એટલી ખોટ ગઈ.

દરેક અધિવેશનની શરુઆત ઉદ્ઘાટન બેઠકથી શરુ થાય છે અને સમાપન આભાર બેઠકથી થાય છે. ઉદ્ઘાટન બેઠકમાં નિવૃત્ત થતા અધ્યક્ષ નવા વરાયેલા અધ્યક્ષને કાર્યભાર સોંપે છે. જનાર અધ્યક્ષ તેમના કાર્યકાળ દરમિયાન શી મહત્ત્વની કામગીરી થઈ અને કેટલા કામ કરવાના બાકી રહ્યા એના લેખાજોખા કરે છે. જયારે નવા અધ્યક્ષ તેના સ્વપ્નોનાં રંગ ઉડાડે છે. છેલ્લી બેઠક અધિવેશનના સમાપનની હોય છે. તેમાં મહેમાનો આયોજકોનો આભાર માન છે અને યજમાનો મહેમાનોનો આભાર માને છે. ઉદ્ઘાટન બેઠક અને સમાપન બેઠક બંનેમાં રઘુવીરભાઈ ચૌધરી અચૂક બોલે છે. તેઓ પ્રસંશાના પુષ્પો અર્પવાની સાથે કોથળામાં પાંચશેરી પણ કુશળતાથી વીંઝી શકે તે કોને અજાણ્યું છે? એમને હરહંમેશા સાંભળવા ગમે છે. એમની ગુજરાતી ભાષા પ્રત્યેની પ્રીતિ અને કામગીરી ધ્યામાં લઈને આ વરસનો જ્ઞાનપીઠ એવોર્ડ આપવામાં આવ્યો છે. આપણા બધા માટે આનંદ અને ગૌરવની ઘટના છે.

ઉદ્ઘાટન બેઠક પછી રાતે એટલે કે તા ૨૫.૧૨.૨૦૧૫ના દિને સાંજના ભોજન આરોગ્યા બાદ યજમાન સંસ્થાએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેમાં કચ્છના કવિઓએ રચેલા કાવ્યો ખૂબ સુંદર સંગીત અને સૂર સાથે રજૂ થયા. એ પછી રજૂ કરવામાં આવેલ 'ધૂળનો સૂરજ' નાટક જયંતી દલાલના જીવન અને વાર્તાઓ ઉપર આધારીત હતું. નાટકનો વિષય ઘણો અઘરો હતો તેમ છતાંયે કલાકારો એની સરસ રજૂઆત કરી શક્યા તેમ કહ્યા વગર ચાલશે નહીં.

ત્રણ દિવસ મજાના ગયા. સુરુચિપૂર્ણ ભોજન જમ્યા. વાણીવૈભવ માણ્યો, મિત્રો સાથે હળ્યામળ્યા. કવિતાઓના ગાન અને પાન થયા, અલબત્ત મંચ નીચે અથવા વિરામખંડમાં. અમારા જેવા નવા સાહિત્યપ્રેમીઓને કશું શીખવા મળ્યું હશે ખરું? જો કે સુરેશ જોશી આ બાબતે આંગળી ચીંધી છે, લ્યો તમને પણ તેમની વાત સંભળાઉ.

ઓ રે ભાઈ કવિ,
જાણું છું કે નથી ઠેકાણે તારો મિજાજ,
પણ મારી એક-બે વાત સાંભળ !
સૂરજની બખોલમાં બાંધેલા ઘુવડનો માળો
ભલે હવે વીંખી નાખ
ને એની ઓથે સંતાડેલી કૃષ્ણની વાંસળી
કોઈક ભાવિક જન માંગતું હોય તો આપી દે
પેલી ગરોળી પાછી માંગે છે એની પૂંછડી
એનો ઉપયોગ પૂરો થયો હોય તો પાછી વાળ
વડીલ કવિની શ્રદ્ધાની ધોળી બકરી
હલાલ કરવી છોડી દે
ચંદ્રનો કાટ ખાઈ ગયેલો સિક્કો
ખિસ્સામાં શા લોભથી સંતાડી રાખ્યો છે?
ફગાવી દે એને આકાશમાં
ને ઈશ્વરના ખોળિયાને શા માટે રાખી મૂક્યું છે ઈસ્ત્રીબંધ
તારા વોર્ડરોબમાં?
એ બિચારો થથરતો ઊભો છે બહાર
હવે સૂર્યગ્રહણ થાય ત્યારે
એનું જ કહી દે ને એને દાન
ઓ રે ભાઈ કવિ,
આટલું જો તું કરે
મારે ખાતર જરાક હસે તો -
માગ માગ જે માગે તે આપું
અરે, આપી દઉં સાવ તાજાં બસો-અઢીસો હાઈકુ!

- સુરેશ જોષી

## નવા વરસમાં નથી નવું કઈ, બધું પુરાણું ભાસે છે એ જ ભોગ ને એ જ સ્વાર્થમાં નવું નવું શું લાગે છે?




*નવી સાલ પૂછે જતી સાલને કે*
*'કહી તું શકે શા થશે હાલ મારા?*
*જતી સાલ ઝૂકી કહેતી અદાથી;*
*મને તો સુણાયે દુબારા દુબારા!*

સાન્તા ક્લોઝના થેલા સામે તાકી રહેલા બાળકની જેમ સેંકડો લોકો ઈસુના નૂતન વર્ષને વધાવા તાકી રહે છે! રોજ સૂર્ય ઉગે ને આથમે છે... જીવનમાંથી એક એક દિવસ ઓછો થતો જાય છે ત્યારે મન ભરી જીવી લેવાનો મનસૂબો રાખી ઉઘાડી આંખે કઈક કરી છૂટવાના લક્ષ્ય સાથે જીવવું રહ્યું! જીવનમાં વર્ષો ઉમેરાય એ કરતાં વર્ષોમાં જીવન ઉમેરીએ તો કેવું?! પ્રત્યેક પ્રભાતે મળતો નવો દિવસ જો ઉન્નતિ સાધક ન નીવડે તો તે દિવસ વેડફાઈ ગયો સમજવો. તેથી કહેવાય છે, કેટલાં વર્ષો ગયાં તેના કરતાં એ વર્ષો કેવાં ગયાં એ વધારે મહત્વનું છે.

થર્ટીફર્સ્ટની કાગડોળે રાહ જોનારાઓનો ઉન્માદી માહોલ ઉજવણી પછી ઓસરી જતો હોય છે. ફરી પાછી એ જ ગતાનુગતિકતા... બસ માત્ર દેખાદેખીથી જીવી જવું... ક્યાંક આગવાપણું દેખાય જ નહિ આ તે કેવી વિડંબના!!! આવા ઘરેડમાં ગોઠવાયેલા માણસને નવીનતાનો સ્પર્શ થાય? ખરેખર આપણે જીવતા નથી જીવી નાખીએ છીએ! આપણને ક્યાં કશું નવું લાગે છે? કવિ સાચે જ લખે છે;

"નવા વરસમાં નથી નવું કઈ, બધું પુરાણું ભાસે છે.
એ જ ભોગ ને એ જ સ્વાર્થમાં નવું નવું શું લાગે છે?"

માણસને કાલગણના માટે અખંડ કાળના ટૂકડા કરી માણસને વિચારવાની તક પૂરી પાડે છે. નિશ્ચિત સમયમાં નિર્ધારિત લક્ષ્યાંક પૂરા થયા કે કેમ એની જાત મૂલવણીની તક મળે છે. કદાચ અપેક્ષિત-ઈચ્છિત ન થયું તો ફરી જોઈ તપાસી સભાનપણે આગળ વધવા સંકલ્પબદ્ધ થવા અવસર મળે છે. ઈચ્છિત પ્રાપ્ત થયું તો પાછુ કઈક નવું આદરવું... આમ પ્રતિવર્ષ આત્મોન્નતિ કરતા આગળ વધીએ... પણ આવું થાય છે ખરું? 'થર્ટી ફર્સ્ટ'ના ઉન્માદી ઉલ્લાસને રાત્રિના ડંકા સાથે નૂતનવર્ષે નૂતન જીવનનો સંકેત કરે છે.

એક રમૂજ યાદ આવે છે, 'એક વખત એક માણસે કોઈકને કહ્યું કે, 'મને મારા કામનો પચ્ચીસ વર્ષનો અનુભવ છે' પેલાએ પૂછ્યું, 'તમારું કામ શું છે?' ત્યારે પેલા ભાઈએ જવાબ આપ્યો, 'ઘંટ વગાડવાનું. હું સ્કૂલમાં પટાવાળો છું!' દોસ્તો, કહેવાનું તાત્પર્ય એ જ છે કે યાંત્રિક કામમાં અનુભવનું ઉપયોગી નીવડતું નથી. મોટેભાગે સૌ કોઈ સવારથી સાંજ આવા યાંત્રિક ઘરેડબદ્ધ ચોકઠામાં ગોઠવાઈ ગયેલા જ છે. આવી ગોઠવણમાં સલામતી અનુભવાય પરંતુ સાહસનો અભાવ હોવાથી જીવનરસ ઓસરી જાય છે. પ્રતિવર્ષ આવતાં આવા પર્વો જીવનમાં નવી ઉર્જાનો સંચાર કરવાનાં નિમિત્ત બને છે, ત્યારે પર્વોનો જીવનબોધ સમજવાની સમજણ તેમજ ઉજવણી અંગેની દ્રષ્ટિ કેળવવી રહી...ખેર, ઈસુનું નવું વર્ષ આવી રહ્યું છે... પ્રભુ ઈસુએ માનવજાતને પ્રેમ સંદેશ પાઠવ્યો છે. "Love is God and God is love" પ્રેમ પરમેશ્વર છે અને પરમેશ્વર પ્રેમસ્વરૂપ છે. પ્રેમ વ્યક્તિ અને સમષ્ટિને પુષ્ટ કરનારું બળ છે. મોહબત જ માણસને મહિમાવંત બનાવે છે. 'તું તારા પડોશીને પ્રેમ કર' - આ સાદો, સરળ, તથા કેવો ભવ્ય વિચાર!

કેક અને કેન્ડલ (મીણબત્તી) પશ્ચિમી સંસ્કૃતિની આગવી ઓળખ છે. 'કેક' એટલે મૃદુતા, મીઠાશને કલાત્મકતા, કેક બનાવતોને ખાતો માનવ જીવનને પણ એવું ઋજુ, પ્રેમાળ ને કલાત્મક બનાવે તો! આપણે ત્યાં કર્મ કુશળતાને જ ભગવાન કૃષ્ણે યોગ કહીને બિરદાવી છે. આચાર-વિચાર, વાણી-વર્તનમાં મધુરતા ભરવાનો સંદેશ કેક દ્વારા સાંકેતિક રીતે સૂચિત થયો છે. કલાત્મક કેક સાથે ઝળહળતી 'કેન્ડલ' પ્રકાશિત જીવન જીવવાની પ્રેરણા આપે છે. જાત બાળીને જગતને અજવાળતી મીણબત્તી જ્ઞાનનિષ્ઠ જીવનની દિક્ષા આપે છે. આપણે ત્યાં દીપ પૂજનનું મહત્વ છે વીજળીની રોશની માણસને આંજી નાખીને બહિર્મુખ બનાવી દે છે જયારે દીવાનો મંદ મંદ પ્રકાશ માનવને શાંતિ પ્રદાન કરીને અંતર્મુખ બનાવે છે. વળી એક દીવો બીજા અનંત દીવાઓ પ્રગટાવી શકવા સક્ષમ હોય છે. મીણબત્તી કે દીવો અંધકાર પર પ્રકાશના વિજયની છડી પોકારે છે. દેહથી પર એવા આત્મસ્થ ઈસુએ પોતાના અજવાળાથી સમગ્ર જગતને આવરી લીધું; આપણા ઋષિઓની જેમજ ઈસુએ સૌને જાગ્રત રહીને પોતાની જાતનો અભ્યાસ (સ્વાધ્યાય) કરવાનો ચિરંતન સંદેશ આપ્યો.

દોસ્તો, જ્યાં જાતનો અભ્યાસ છે ત્યાં વહેમ, જડતા, અંધશ્રદ્ધા, સંકુચિતતા, દંભ કે અહંકાર ટકશે નહિ. તમે કોઈપણ કાર્ય કરતા હો સ્વાધ્યાય તમને એમાં સાચું માર્ગદર્શન આપશે. તમે કોઈપણ ગ્રંથ વાંચતા હો સ્વાધ્યાય ગ્રંથ સમજવાની દ્રષ્ટિ આપશે. અરે, તમે કોઈપણ ઉપાસ્ય દેવની ઉપાસના કરતા હો સ્વાધ્યાય તમને એ માધ્યમથી વિકાસ તરફ આગળ લઈ જશે.

મધુરતાથી ભરીભરી કલાત્મક કેક જેમણે ખાધી, મીણબત્તી (કેન્ડલ)ના મંદ મંદ પ્રકાશમાં અંતર્મુખ થઈને જેમણે જીવાનકિતાબ ઉકેલવા પ્રમાણિક પ્રયાસ કર્યો તેવા મહિમાવંત મનાવે પોતાનું જીવન ઈશ્વરને અર્પણ કરવું જોઈએ. સમર્પણ વિના જીવન સુગંધી ન બને. માનવના સાદને ઈશ્વરનો પ્રતિસાદ સાંપડે તે જ ખરો પ્રસાદ. આવા પ્રસાદ પ્રાપ્ત - પ્રાસાદિક જીવન જ પ્રસન્ન ગણાય. આવી પ્રસન્નતાના પર્યાય સમા "કેરલ્સ" - નાતાલનાં ગીતો સમર્પિત જીવનનો બોધ કરાવી આત્મવિકાસની વાત સમજાવે છે.

પ્રેમના સાક્ષાત પર્યાય ઈસુ આખરી સમયે પોતાના શિષ્યોના પગ ભીના કપડાંથી લૂંછતા કહેતા, "હું તમારો સેવક છું તમે પણ આ જ રીતે સમગ્ર સમાજના સેવક બની રહેજો!" મિત્રો, વાણી કરતાં વર્તન દ્વારા અપાયેલો આ સંદેશ કેટલો મીઠો ભાસે છે. ટનબંધ ઉપદેશ કરતાં અઘોળ આચરણ વધુ કારગત નીવડે છે, આપણા કહેવાતા 'લોકસેવકો' ને આટલું સમજાય તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરી આવે! વધ સ્તંભ પર ચડાવનારાઓ પ્રત્યે પણ કટુતા ન રાખતા ઈસુએ તેમના માટે પણ પ્રર્થના કરી કે, 'હે પ્રભો! તું એમને માફ કરજે કારણ કે તેઓ જાણતા આથી કે તેઓ શું કરી રહ્યા છે?'વાત વાતમાં વાંકુ પડે કે આંખ ઉઠાવાનારની આંખ ફોડી નાખવા તત્પર ઘમંડી અલ્પાત્માઓએ મહાત્મા ઈસુનો સંદેશ શાંતિથી અને સ્વસ્થ ચિત્તે વાંચવો - સમજવો રહ્યો. પ્રભુ ઈસુનો જીવનબોધ જો સમજાઈ જાય તો નાતાલના દિવસોમાં જીવનને અનોખો તાલ મળી જાય!!!

*સ્પર્શમણિ :*
*ખુશીઓને ચોક્કસ સમય માટે રાખી ન મૂકો.*
*આજમાં જીવો અને ખુશીથી જીવો.*
*કાળ આપોઆપ સુંદર બની જશે.*
*- શ્રી શ્રી રવિશંકર*

Rasikvaland1965@gmail.com